Eternity Literature & Social Science Review Journal (ELSSRJ)
Vollume : 2 ,Issue No : 2 e- ISSN:2456-3528

## Title of Article

# ભારતનો વિદેશ વેપાર

## Author/Researchers

પરમાર સુમિતકુમાર પી.

એમ.ફિલ. વિદ્યાર્થી ( અર્થશાસ્ત્ર )
અર્થશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

Issue Month& Year

April 2017

Editor-In-Chief

Dr. Dinesh K. Bhoya

# ભારતનો વિદેશ વેપાર

## પ્રસ્તાવના :

વૈશ્વિકીકરણ એ ભારત માટે નવો શબ્દ નથી. ભારતીય સંકસ્કૃતિ તો પહેલેથી જ એમ માને છે કે, સમગ્ર વિશ્વ એક કુટુંમ્બ છે. " વસુધૈવ કુટુંમ્બકમ " વેદોમાં તો તેનાથી પણ આગળ જઈને એમ કહેવાયુ છે કે આ ધરતી પર બધા જ જીવોનો સમાન અધિકાર છે.

ભારત જેવા વિકાસમાન દેશમાં આયોજિત આર્થિક વિકાસની પ્રક્રિયા દરમિયાન વિદેશી વેપારનું સ્થાન ઘણું જ અગત્યનું છે. તાજેતરના વર્ષોમાં આર્થિક વિકાસ અને આંતરરાષ્ટ્રીય વેપાર વચ્ચેનો ગાઢ સંબધ ખુબ જ જાણીતો બન્યો છે. એકરીતે જોઈએ તો આંતરરાષ્ટ્રીય વેપાર અને આર્થિકવિકાસ એકબીજાના પૂરક છે. વિદેશી વેપાર દ્વારા મૂડીરોકાણમાં કાચો માલ,અર્ધોત્પાદિત વસ્તુઓ પ્રાપ્ત કરી શકાય છે અને તે દ્વારા આર્થિક વિકાસની ગતિ ઝડપી અને વેગીલી બનાવી શકાય છે. એજ રીતે આ દેશોની નિકાસી ચીજોનું ઉત્પાદન કરવાની શકિત દેશની સમગ્ર આર્થિક પરિસ્થિતિમાં ઘણો મહત્વનો ભાગ ભજવે છે. આમ, આયાત વેપાર અને નિકાસ વેપારને ઘડતરમાં મહત્વનો ફાળો આપે છે.

જો દેશ અલ્પવિકસિત અને ખેતી પ્રધાન હશે તો તેના વિદેશ વેપારનું કદ નાનુ હશે.વળી, તેની મુખ્ય નિકાસો અનાજ, કાચોમાલ, રૂ, શણ, ખનીજો વગેરે પ્રાથમિક વસ્તુઓ અથવા કાચી ચીજોની હશે અને તે મુખ્યત્વે ઔદ્યોગિક અને વિકસિત દેશોમાં નિકાસ થતી હશે.

આપણા ભારત દેશની વાત કરીએ તો આઝાદીના સમય પહેલા આપણી મોટા ભાગની નિકાસો અનાજ, કાચોમાલ,રૂ,ચા વગેરે જેવી પ્રાથમિક વસ્તુઓની જ હતી.આપણે આઝાદી મેળવ્યા બાદ આયોજન નો માર્ગ અપનાવ્યો હોવાને કારણે આપણું નિકાસ માળખુ વૈવિધ્યસભર બનવા પામ્યું છે અને આયાત થતી ચીજોમાં પણ પરિવર્તન આવ્યુ છે.

આજના વિકસિત દેશોએ વિદેશ વેપારથી આર્થિક વિકાસ કર્યો છે દા.ત બ્રિટન ની ઔદ્યોગિક ક્રાંતિ ( ૧૮૫૦ ) આજે વિશ્વના એક મહાન સત્તા તરીકેનું સ્થાન મહદંશે બ્રિટન ના બોહરા વિદેશ વ્યાપારને આભારી છે એવી જ રીતે  અમેરિકા, ફ્રાન્સ , જર્મની , જાપાન જેવા દેશોના ઝડપી આર્થિક વિકાસમાં વિદેશ વેપારનું મહત્વનું સ્થાન રહયુ છે.

ભારતના સંદર્ભમાં વાત કરીએ તો આયાત નિકાસના માળખા માટે  EXIM BANK ની સ્થાપના વર્ષે ૧૯૮૨ માં કરવામાં આવી છે જેના કારણે આયાત અને નિકાસની જે પ્રક્રિયા છે તે સરળ રીતે થઈ શકે.

તાજેતરના વર્ષોમાં ભારત દુનિયામાં એક આગવુ સ્થાન પ્રાપ્ત કરી રહયું છ.તાજેતરમા ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી વિશ્વના અનેક દેશોની મુલાકાત લઈ રહયા છે જેનાથી આપણા દેશના સંબધો બીજા દેશો સાથે ગાઢ બને છે અને તેમાંય આર્થિક સંબધો વધુ મજબુત બને છે જેના કારણે વિદેશ વેપારને પ્રોત્સાહન મળે છે. આપણા વડાપ્રધાને ઘણા દેશોની મુલાકાત દરમિયાન જે

તે દેશોના મોટા ઉદ્યોગપતિઓ સાથે પણ ચર્ચા કરી અને ભારતમાં રોકાણ કરવાનું પણ આમંત્રણ આપ્યું છે.

આમ વિદેશ વેપાર દેશના આર્થિક વિકાસમાં ભૌતિક વસ્તુઓની હેરફેર ધ્વારા સહાયભૂત થાય છે એટલુ જ નહિ પરંતુ તેનાથી વિચારો અને અનુભવોના વિનિમયનો પણ લાભ મળે છે વિદેશ વેપારમાં આવતી દશ્ય અને અદશ્ય બાબતો આર્થિક વિકાસના એન્જિન ને સતત ગતિશીલ રાખે છે.

## :: આયોજનકાળ દરમિયાન ભારતનો વિદેશ વેપાર ::

વિદેશ વેપારનું સ્થાન એ કોઈ પણ દેશના અર્થકારણમાં ઘણુ મહત્વનું છે ભારત જેવા વિકાસમાન દેશના આર્થિક વિકાસમાં પણ વિદેશ વેપારનું સ્થાન અગ્ર અને મહત્વનું છે.

## :: ભારતના વિદેશ વેપારના કદમાં ફેરફારો ::

આયોનકાળ દરમિયાન ભારતના વિદેશ વેપારના કદમાં ઘણા ફેરફારો આવ્યા છે જે આપણે કોષ્ટકમાં આંકડાકિય માહિતી ધ્વારા જાણીશું.

### :: ભારતનો વિદેશ વ્યાપાર ::

| વર્ષ | આયાત | નિકાસ | વ્યાપારમાં ખોટ (રૂ.કરોડમાં) |
|---|---|---|---|
| 1950-51 | 608 | 606 | 2 |
| 1960-61 | 1,122 | 642 | 480 |
| 1970-71 | 1,634 | 1,535 | 99 |
| 1980-81 | 12,549 | 6,711 | 5,838 |
| 1990-91 | 43,198 | 32,553 | 10,645 |
| 2000-01 | 2,30,873 | 2,03,571 | 27,302 |
| 2001-02 | 2,45,200 | 2,09,018 | 36,182 |
| 2002-03 | 2,97,206 | 2,55,137 | 42,069 |
| 2003-04 | 3,59,108 | 2,93,367 | 65,741 |
| 2005-06 | 6,60,409 | 3,75,340 | 1,25,725 |
| 2006-07 | 8,40,506 | 5,71,779 | 2,68,727 |
| 2007-08 | 10,12,312 | 6,55,864 | 3,56,448 |
| 2009-10 | 13,63,736 | 8,45,534 | 5,18,202 |
| 2010-11 | 15,96,869 | 11,18,823 | 4,78,046 |
| 2011-12 | 16,51,240 | 10,24,707 | 6,26,533 |

આમ, ભારતના વિદેશ વેપારના કદમાં નોંધપાત્ર વધારો થયેલ જણાય છે. દા.ત 1950-51 માં વિદેશ વેપારનું કુલ કદ ( આયાતો + નિકાસો ) રૂા.1,214 કરોડ હતું જે ધીમે–ધીમે વધતું

ગયું અને 1990-91 માં રૂા.75,751 કરોડ જેટલું થયું હતું અને ત્યાર બાદ ઉત્તરોત્તર વિદેશ વેપારનું કદ વધતુ જ ગયુ. 2011-12 ના વર્ષ દરમિયાન વાત કરીએ તો ભારતના વિદેશ વેપારનું કદ રૂા.26,75,947 કરોડ જેટલુ થયુ હતુ.

વિદેશ વેપારના કદમાં થયેલ વધારો મહદંશે આયાત વૃધ્ધિને લીધે થયેલ છે જે વેપાર તુલાની જંગી ખાધમાં પરિણમેલ છે.

**:: વિશ્વવ્યાપારમાં નિકાસક્ષેત્રે ભારતનું સ્થાન ::**

| વર્ષ | નિકાસ |
|---|---|
| 1950 | 1.85 |
| 1960 | 1.03 |
| 1970 | 0.64 |
| 1980 | 0.42 |
| 1990 | 0.52 |
| 1999 | 0.60 |
| 2000 | 0.70 |
| 2001 | 0.70 |
| 2002 | 0.80 |
| 2003 | 0.80 |
| 2004 | 0.90 |
| 2005 | 1.00 |
| 2006 | 1.00 |
| 2007 | 1.10 |
| 2008 | 1.10 |
| 2009 | 1.30 |
| 2010 | 1.50 |
| 2011 | 1.90 |

ઉપરની માહિતી પરથી આપણે જાણી શકીએ છીએ કે વિશ્વ વ્યાપારમાં નિકાસક્ષેત્રે ભારતનું સ્થાન આઝાદી મેળવ્યાના શરૂઆતના વર્ષો દરમિયાન વર્ષ 1950 માં 1.85 ટકા હતુ. ત્યાર બાદ આપણે આયોજનનો માર્ગ અપનાવ્યો જેના કારણે નિકાસોનું પ્રમાણ વધતુ ગયુ. પરંતુ 1970 થી 2000 ના વર્ષો દરમિયાન વિશ્વવેપારમાં નિકાસક્ષેત્રે ભારતનું સ્થાન ઘણુ નીચે રહેવા પામ્યુ હતું. ત્યાર બાદના વર્ષો દરમિયાન 2001 થી 2011 ના સમયગાળા દરમિયાન વિદેશ વેપારમાં નિકાસક્ષેત્રે ભારતનું સ્થાન

વધતુ ગયુ છે નિકાસોની ટકાવારી ઉચે જતી જોવા મળે છે ભારત હવે વિશ્વક્ષેત્રે ઘણુ મહત્વનું સ્થાન ધરાવે છે વિદેશ વેપારને પ્રોત્સાહન આપવા માટે ઘણા બધા કાર્યક્રમો તથા નીતિઓ સરકાર ધ્ધારા ઘડવામાં આવે છે.

## :: ભારતના વિદેશ વેપારના બંધારણમાં થયેલા ફેરફારો ::

વિદેશ વેપારના બંધારણમાં આપણે જે તે દેશની આયાત અને નિકાસ માળખામાં આવેલા ફેરફારોનો અભ્યાસ કરીએ છીએ. ભારતના આયાત વેપાર અને નિકાસ વેપારના માળખામાં પણ મહત્વના ફેરફારો થયા છે તેનો અભ્યાસ કરીશુ.

## [A] :: આયાત વેપારના માળખામાં થયેલા ફેરફારો ::

આયોજન પહેલા અને પ્રથમ યોજના દરમિયાન ભારતની મુખ્ય આયાતો અનાજ, વપરાશી ચીજ વસ્તુઓ વગેરેની હતી ત્યાર બાદ બીજી યોજનાથી ઝડપી ઔદ્યોગિકરણ તથા ભારે અને પાયાના ઉદ્યોગો ને ખાસ અગ્રિમતા અપાઈ હોવાથી મૂડીનાં સાધનો અને યંત્ર સામગ્રી વગેરેની આયાતો મહત્વની બની સંરક્ષણ ને લગતી આયાતો અને નિભાવ અથવા જાણવણી માટેની આયાતો પણ મહત્વની બની ત્યાર પછીના વર્ષોમાં ખનીજ તેલ, ખાતર, ખાદ્યતેલ વગેરેની આયાતો વધતી ગઈ.

## ભારતના આયાત વેપારની મુખ્ય વસ્તુઓનું માળખું ( બંધારણ )

| અ.નં | વસ્તુ સમુહ | ટકાવારી હિસ્સો | | |
|---|---|---|---|---|
| | | 2009-10 | 2010-11 | 2011-12 |
| 1 | ખાદ્યપદાર્થો અને સંબધિત ઉત્પાદન | 3.7 | 2.9 | 3.1 |
| 2 | ઈંધણ, જેમાંથી<br>૧.કોલસા<br>૨.પેટ્રોલ, ક્રુડ અને ઉજણ P.O.L | 33.2<br>3.1<br>30.1 | 31.3<br>2.7<br>28.6 | 31.6<br>3.3<br>28.2 |
| 3 | ખાતરો | 2.3 | 1.9 | 2.5 |
| 4 | કાગળની થોકડી, ઉત્પાદન અને અખબારી કાગળ | 0.5 | 0.6 | 0.6 |
| 5 | મૂડીની વસ્તુઓ<br>૧. વીજળી અને મશીન નાં ઓજારો સિવાયની મશીનરી<br>૨.વિદ્યુત સંબધી મશીનરી<br>૩. પરિવહન ઉપકરણો<br>૪. પરિયોજના વસ્તુઓ | 15.0<br>7.4<br>1.1<br>4.1<br>1.6 | 13.1<br>6.4<br>1.0<br>3.1<br>1.7 | 12.8<br>6.5<br>1.0<br>2.8<br>1.7 |
| 6 | અન્ય જેમાં<br>૧.રસાયણ | 42.6<br>5.2 | 47.7<br>5.2 | 46.8<br>5.5 |

| | | | | |
|---|---|---|---|---|
| | ૨.મોતી, બહુમુલ્ય અને ઓછા મુલ્યનાં રત્નો | 5.6 | 9.4 | 8.5 |
| | ૩. લોખંડ અને પોલાદ | 2.9 | 2.8 | 3.1 |
| | ૪. બિનલોહ ધાતુઓ | 1.0 | 1.1 | 1.2 |
| | ૫. સોનું અને ચાંદી | 10.3 | 11.5 | 10.3 |
| | ૬. વ્યાવસાયિક સાધનો , પ્રકાશીય વસ્તુઓ વગેરે | 1.3 | 1.1 | 1.2 |
| | ૭. ઈલેકટ્રોનિક સામાન | 7.3 | 7.2 | 7.6 |
| | અન્ય સહિત કુલ સરવાળો | 100.0 | 100.0 | 100.0 |

સ્ત્રોત : આર્થિક સમીક્ષા
2011-12 પેજ A-85

## [B] :: નિકાસ વેપારનાં માળખામાં થયેલા ફેરફારો ::

આયોજનકાળ દરમિયાન ભારતના નિકાસ વેપારના માળખામાં મહત્વના ફેરફારો થયા છે આ સમયગાળા દરમિયાન આપણું નિકાસ માળખુ વૈવિધ્યપૂર્ણ બનવા પામ્યુ છે. દા.ત – સુતરાઉ કાપડ, ચા, શણની બનાવટો અને કૃષિ પેદાશો જેવી પ્રણાલિકાગત નિકાસો ઉપરાંત કેટલીક નવી વસ્તુઓની નિકાસ પણ તાજેતરના વર્ષોમાં વધી રહી છે ઉદાહરણરૂપે સાઈકલો, સીવવાના સંચા, ડિઝલ એન્જિનો, પંપ સેટો, વાહન નાં યંત્રો, વિદ્યુત સાધનો, રમતગમતનાં સાધનો, પ્લાસ્ટીકની બનાવટો, હસ્તકળાની વસ્તુઓ, દાગીના અને ઝવેરાત,દવાઓ, તૈયાર કપડા, ઈલેકટ્રોનિકસની વસ્તુઓ, ચામડાની બનાવટો વગેરે અનેક પ્રકારની વસ્તુઓની નિકાસોમાં નોંધપાત્ર વધારો થયો છે.

બીજુ કે, તાજેતરના વર્ષોમાં આપણા નિકાસ વેપારનો પાયો વિશેષ કરીને બિન પ્રણાલિકાગત વસ્તુઓની બાબતમાં વધુ વિસ્તૃત બનવા પામ્યો છે દા.ત– ઈજનેરી વસ્તુઓ, લોખંડ–પોલાદ, કેમિકલ્સ વગેરેની નિકાસોમાં નોંધપાત્ર વૃધ્ધિ થઈ શકે છે તો બીજી તરફ તમાકુ, ખોળ, મત્સ્ય પેદાશો, કોફી , તેજાના વગેરેની નિકાસોમાં પણ વધારો થતો રહયો છે.

ટુંકમાં, આયોજનકાળ દરમિયાન ભારતના નિકાસ માળખામાં આવેલા ફેરફારો દેશમાં થયેલી ઔદ્યોગિક પ્રગતિના નિર્દેશકો છે અને આર્થિક વિકાસની પ્રક્રિયા સાથે પૂર્ણ રીતે સુસંગત છે.

## ભારતના નિકાસ વેપારની મુખ્ય વસ્તુઓનું માળખુ ( બંધારણ )

| અ.નં | વસ્તુ સમુહ | ટકાવારી હિસ્સો | | |
|---|---|---|---|---|
| | | 2009-10 | 2010-11 | 2011-12 |
| 1 | કૃષિ અને સંબધિત વસ્તુઓ | 10.0 | 9.9 | 9.9 |
| 2 | કાચુ લોખંડ અને ખનિજ | 4.9 | 4.0 | 2.8 |
| 3 | નિર્માણ પામેલી વસ્તુઓ | 67.4 | 68.0 | 65.8 |

| | | | | |
|---|---|---|---|---|
| 4 | ફુડ અને પેટ્રોલ ઉત્પાદન (કોલસા સહીત ) | 16.2 | 16.8 | 20.9 |
| 5 | અન્ય બિનવર્ગીકૃત વિભાગની વસ્તુઓ | 1.5 | 1.3 | 0.6 |
| | કુલ નિકાસ | 100.0 | 100.0 | 100.0 |

સ્ત્રોત : આર્થિક સમીક્ષા
2011 પેજ નં– A-252

## :: વિદેશ વેપારની દિશામાં થયેલા ફેરફારો ::

વિદેશ વેપારની દિશામાં આપણે કયા કયા દેશોમાંથી આપણે આપણી આયાતો મેળવીએ છીએ અને કયા કયા દેશોમાં આપણે આપણી પેદાશોની નિકાસો કરીએ તેની ચર્ચા કરવામાં આવે છે.

સ્વતંત્રતા પૂર્વે ભારતે કયા દેશો પાસેથી આયત કરવી અને કયા દેશોમાં તેણે નિકાસ કરવી તે અંગેનો નિર્ણય બ્રિટિશ સરકાર ધ્વારા લેવામાં આવતો આથી સ્વાભાવિક રીતે જ ભારતનો મોટા ભાગનો વિદેશ વેપાર બ્રિટન અને તેના સંસ્થાન દેશો સાથે હતો.પરંતુ ૧૯૫૧ પછીના આયોજનકાળ દરમિયાન ભારતના વિદેશ વેપારની દિશામાં મહત્વના ફેરફારો થયા છે જે આપણે જોઈશુ.

### [A] :: આયાત વેપારની દિશામાં થયેલા ફેરફારો ::

આયાત વેપારની દિશા ( 2010-2011 )

| અ.નં | દેશ | કુલ આયાત વેપારમાં ટકાવારી |
|---|---|---|
| 1 | યુરોપિયન યુનિયન ના દેશો જેમ કે, બ્રિટન, જર્મની,બેલ્જિયમ,ફ્રાન્સ,ઈટાલી,સ્વીડન,સ્પેન, ડેનમાર્ક,નોર્વે વિગેરે | 18.6 |
| 2 | અફ્રિકન દેશો કે જેમાં દક્ષિણ આફ્રિકા, પશ્ચિમ આફ્રિકા,મધ્યઆફ્રિકા અને પુર્વઆફ્રિકાનો સમાવેશ | 7.7 |
| 3 | અમેરિકા અને લેટિન અમેરિકમ દેશો જેમ કે બ્રાઝીલ,ચીલી,મેકિસકો,પેરુ,કયુબા,કોલમ્બીયા, વેનીઝુયુલા વગેરે | 8.9 ( આ પૈકી અમેરિકાનો હિસ્સો 5. 1 ટકા ) |
| 4 | એશિયા અને એશિયન દેશો જેમ કે ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ,સિંગાપોર,ઈન્ડોનેશિયા,મલેશિયા,થાઈલેન્ડ, મ્યાનમાર,ચીન,જાપાન,કોરિયા તાઈવાન, તથા ખનીજ તેલ અને પેટ્રોલિયમ પેદાશોની નિકાસ કરતા દેશો જેમ કે સાઉદી અરેબિયા,ઈરાન , ઈરાક , કતાર ,કુવૈત વિગેરે | 61.6 ( આ પૈકી ખનીજતેલ અને પેટ્રોલિયમ પેદાશોની નિકાસ કરતા દેશોનો હિસ્સો 28. 6 ટકા ) |
| 5 | સ્વતંત્ર દેશોનો રાષ્ટ્ર સમુહ તથા બાલ્ટિક દેશો જેમ કે , | 3.2 |

| | | |
|---|---|---|
| | કઝાકિસ્તાન,ઉઝબેકિસ્તાન,રશિયા,યુક્રેઈન,મેર્જીયા વગેરે તથા નિર્દષ્ટ નહિ થયેલા વિસ્તારો. | ( આ પૈકી રશિયા નો હિસ્સો 0. 8 ટકા ) |
| | | 100.00 |

## [B] :: નિકાસ વેપારની દિશામાં થયેલા ફેરફારો ::

નિકાસ વેપારની દિશા ( 2010-2011 )

| અ.નં | દેશ | કુલ આયાત વેપારમાં ટકાવારી |
|---|---|---|
| 1 | યુરોપિયન યુનિયન ના દેશો જેમ કે, બ્રિટન, જર્મની,બેલ્જિયમ,ફ્રાન્સ,ઈટાલી,સ્વીડન,સ્પેન, ડેનમાર્ક , નોર્વે વિગેરે | 19.5 |
| 2 | અફ્રિકન દેશો કે જેમાં દક્ષિણ આફ્રિકા, પશ્ચિમ આફ્રિકા,મધ્ય આફ્રિકા અને પુર્વ આફ્રિકાનો સમાવેશ થાય છે. | 6.0 |
| 3 | અમેરિકા અને લેટિન અમેરિકમ દેશો જેમ કે બ્રાઝીલ,ચીલી,મેક્સિકો,પેરુ,ક્યુબા,કોલમ્બીયા, વેનીઝુયુલા વગેરે | 16.4 ( આ પૈકી અમેરિકાનો હિસ્સો 11.9 ટકા ) |
| 4 | એશિયા અને એશિયન દેશો જેમ કે ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ,સિંગાપોર,ઈન્ડોનેશિયા,મલેશિયા,થાઈલેન્ડ, મ્યાનમાર,ચીન,જાપાન,કોરિયા,તાઈવાન,તથાખનીજ તેલ અને પેટ્રોલિયમ પેદાશોની નિકાસ કરતા દેશો જેમ કે સાઉદી અરેબિયા,ઈરાન ,ઈરાક , કતાર ,કુવૈત વિગેરે | 50.8 (આ પૈકી ખનીજતેલ અને પેટ્રોલિયમ પેદાશોની નિકાસ કરતા દેશોનો હિસ્સો 19.5 ટકા ) |
| 5 | સ્વતંત્ર દેશોનો રાષ્ટ્ર સમુહ તથા બાલ્ટિક દેશો જેમ કે , કઝાકિસ્તાન, ઉઝબેકિસ્તાન, રશિયા, યુક્રેઈન, મેર્જીયા વગેરે તથા નિર્દષ્ટ નહિ થયેલા વિસ્તારો. | 0.9 ( આ પૈકી રશિયા નો હિસ્સો 0. 6 ટકા ) |
| 6 | બિન નિર્દિષ્ટ વિસ્તારો | 6.4 |
| | | 100.00 |

આમ આપણે ભારતનાં વિદેશ વેપારની દિશામાં જે આયાતલક્ષી અને નિકાસલક્ષી પરિવર્તનો આવ્યા તેનો વિગતે અભ્યાસ કર્યો.

# :: તારણો ::

- ભારત જેવા વિકાસમાન દેશના આર્થિક વિકાસમાં વિદેશ વેપારનું સ્થાન ઘણું મહત્વનું રહયું છે.
- આયોજનકાળ ના શરૂઆતના વર્ષોમાં આપણી આયાતોનું પ્રમાણ વધારે હતું. પરંતુ ધીમે ધીમે બીજી પંચવર્ષીય યોજનામાં આપણે ઉદ્યોગોને પ્રાધાન્ય આપ્યું હોવાથી આપણી નિકાસો વધવા લાગી.
- ભારતના વિદેશ વેપારના કદ પરથી જોઈ શકીએ છીએ કે આપણી આયાતોનું પ્રમાણ નિકાસો કરતા હંમેશા ઉચું રહયું છે જેના કારણે વ્યાપારમાં ખાદ્ય ઉદ્દભવે છે.
- વિશ્વ વેપારમાં ભારતનું સ્થાન નિકાસક્ષેત્રે ઘણું ઓછું છે.
- આયોજનના સમય દરમિયાન આપણી નિકાસો મોટે ભાગે પ્રણાલિકાગત ચીજવસ્તુઓની હતી. પરંતુ બીજી યોજના બાદ આપણું નિકાસ માળખુ વૈવિધ્યપૂર્ણ બનવા પામ્યું છે.
- આપણા દેશમાં વસ્તીનું પ્રમાણ વધારે હોવાથી આયાતી ચીજોનું પ્રમાણ વધારે જ રહે છે.
- વિદેશ વેપારની દિશામાં પણ ઘણા પરિવર્તન આવ્યાં છે વિશ્વના અનેક દેશો આપણા દેશમાં નિકાસ કરે છે અને એ જ રીતે આપણે પણ વિશ્વના અનેક દેશોમાં નિકાસો કરીએ છીએ.

# :: ઉપસંહાર ::

ભારત જેવા વિકાસમાન દેશના અર્થતંત્રમાં વિદેશ વેપારનું ઘણુ જ મહત્વ છે. આગળ કહયું તેમ વિદેશ વેપારને આર્થિક વિકાસના એક એન્જિન તરીકે ઓળખવામાં આવે છે. વિદેશ વેપારનું કદ અને તેનું બંધારણ તેમજ તેની વેપારની શરતો એ દેશના આર્થિક વિકાસના સ્વરૂપ અને વિકાસના સ્તરને નિર્ણાયક રીતે અસર કરે છે. વિદેશ વેપાર અને આર્થિક વિકાસ એકબીજા ના પૂરક છે.

ભારતે અપનાવેલી વૈશ્વિકીકરણ અને ઉદારીકરણની નીતિ ને લીધે ભારતના નિકાસ વેપારમાં આવેલ વૈવિધ્યકરણને લીધે વિશ્વના વિવિધ દેશોની વિકાસ જરૂરીયાતોને ધ્યાનમાં રાખીને વિવિધ પ્રકારની પેદાશોની નિકાસ કરવાનું આપણા માટે શકય બન્યુ છે.

ટુંકમાં, ભારતનો વિદેશ વેપારનો વ્યાપ તાજેતરના વર્ષોમાં ખૂબ વધ્યો છે. ભારતની આર્થિક વિકાસની પ્રક્રિયા સાથે વિદેશ વેપારની દિશામાં થયેલુ પરિવર્તન વધુ યોગ્ય બન્યું છે.

# Green Flag Foundation , Sonasan

Sabarkantha, Gujarat - 383210,IND.

Web: www.eternityzxy.com , emai : patelrjsh4@gmail.com,

Contect no : +91 9724590815,

Eternity Literature & Social Science Review Journal Eternity Literature & Social Science Review Journal Eternity Literature & Social Science Review Journal

ELSSRJ

e-Journal For Scholar

Eternity Literature & Social Science Review Journal

**ISSN 2456–3528**


## Certificate of Article

This is to certify that our Editorial board and Peer review team accepted the Article Under title Bharatno Videsh Vyapar . Which is submitted by Mr. Sumitkumar P. Parmar . This Research Article is original and innovative. It is double blind peer re-viewed. This paper is published in Volume –II, Issue- II (April-2017 Issue).

CHIEF EDITOR

Eternity Literature &
Social Science Review Journal